શ્રી

સ્વ. આંબલીઆરાના

પાટવી કુમારશ્રીનો જન્મોત્સવ.

રચી પ્રસિદ્ધ કર્તા

ગોવિંદલાલ મોહનલાલ શાહ,


મુકામ આનંદ. આંબલીઆરા.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

અમદાવાદ—યુનાઈટેડ પ્રિન્ટીંગ અને જનરલ એજન્સિ કંપની લીમીટેડ પ્રેસમાં શા. મોહનલાલ મુળચંદે છાપ્યું.

અમૂલ્ય.



॥ અર્પણ પત્રિકા. ॥

શ્રીમન્ ચહુવાણ કુળદીપક નેકનામદાર ઠાકોર સાહેબ,

શ્રી કેશરિસિંહજી સાહેબ.

મહાશય:—

સંવત ૧૯૬૬ ના ભાદ્રપદ માસની વદી પાંચમ સનીવારે આપના
દરબારમાં લવાણવાલાં ઠકરાણી સાહેબે શ્રી પાટવી કુંવરજીનો
જન્મ આપ્યો છે, એ આનંદની શુભ ક્રિયાઓ આપ સાહેબે
ધર્મ અને નીતિનાં શાસ્ત્રોક્ત કાર્યોથી બતાવી આપી છે.
વળી રૈયતપરના તથા કેળવણીપરના અનંત પ્રેમ સાથે
બન્નેને જે હિમદા સખાવતો આપ નામદાર શ્રી
તરફથી થયા છે, તે અને પરોપકાર, દયા,
ઉદારતા અને આપની ધર્મિષ્ટ વૃત્તિઓ આદિ
સદ્દગુણોથી આકર્ષાઇ હંમેશની યાદગીરી
કાયમ રાખવા માટે પાટવી કુમારશ્રીનો
જન્મોત્સવ એ નામનું લઘુ
પુસ્તક આપ નામદાર શ્રીને
અર્પણ કરી કૃતાર્થ
થાઉં છું ?

વિજયા દશમી,	લી०
સંવત ૧૯૬૯.	તાબેદાર.



નામદાર ઠાકોર સાહેબ શ્રી કેશરિસિંહજીનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

એમનો જન્મ સંવત્ ૧૯૪૪ ના કારતક વદી ૪ શનીવારે થયો હતો. નવ વરસની ઉમ્મરે તેમના પિતાશ્રીએ તેમને સાદરા સ્કૉટ કૉલેજમાં અભ્યાસ કરવા સારૂં મોકલ્યા હતા ત્યાં સોળ વરસની ઉમ્મર સુધીમાં ઈંગ્રેજીનું સારૂં જ્ઞાન મેળવી ઉંચા પ્રકારની કેળવણી તેઓએ પ્રાપ્ત કરી હતી. સત્તરમા વરસે કૉલેજ છોડી રાજનીતિના અનુભવ માટે પોતે એજન્સી ઓફીસમાં જોડાઈને ચાર વરસ સુધી રાજનીતિનો સંપૂર્ણ અનુભવ મેળવ્યો હતો. અને તે પછી પણ એજન્સીમાં જોડાઈ રહેવાની તેઓશ્રીની ઈચ્છા હતી. પરંતુ તેમના પિતાશ્રી એકાએક સ્વર્ગવાસી થવાથી રાજ ચલાવવાની મોટી ફરજ તેઓશ્રીના ઉપર આવી. સંવત્ ૧૯૬૪ ના વૈશાક સુદી ૭ એટલે પોતાની ઉમ્મરના એકવીસમા વરસે તેઓ ગાદીપર આવ્યા. ગાદીએ બેઠા પછી જૂની પદ્ધતિની વજે સીસ્ટમથી ખેડુતોને હરકત જણાવાથી તાલુકાનાં કેટલાંક ગામોમાં વીઘોટીની સીસ્ટમ દાખલ કરી. પોતે ઉંચી કેળવણી પામેલા હોવાથી સ્ટેટની નીશાળોના વિદ્યાર્થીઓની ફી માફ કરી મફત કેળવણી આપવાનું સ્તુત્ય પગલું ભર્યું. ૨. આંબલીઆરામાં કન્યાશાળા નવિનપણે સ્થાપી. ૩ શિક્ષકોના પગારમાં સારો વધારો કર્યો. ૪ સ્કોટ કૉલેજના શિક્ષકોના અને મેહતાજીઓના પેન્શન બાબતમાં પણ

પોતે સારો ભાગ લીધો છે. તેઓને કોઈપણ જાતનું વ્યસન નથી, તેની સાથે પોતે ઉદાર, ભોળા દીલના, ધર્મ ઉપર આસ્થાવાળા. પરોપકારી અને કેળવણીપર હંમેશાં પ્રેમ રાખનારા એવા અનેક સદ્ગુણોથી વિભૂષિત છે. એમનો અમલ થયા પછી સ્ટેટમાં ખૂન, ચોરી વગેરે ગુન્હાઓનો ઘટાડો થઈ ગયો છે—નામદાર શેહેનશાહ જ્યોર્જ ગાદીપર આવ્યા ત્યારે અને હજુરે આલીયા નામદાર લેડી હાર્ડીંજ સાહેબના માનમાં મહિલા પરિષદ ભરાઈ ત્યારે પોતે ઘણો સારો ભાગ લીધો હતો. તેમના શાંતિ ભરેલા કારોબારથી નામદાર સરકારે તેમને "મેહેરબાન" લખવાનો ઠરાવ કરી તેમની કારકીર્દી દિપાવી છે. પ્રભુ તેમને દીર્ઘાયુષ આપો એવી હું અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું.

॥ શ્રી ॥

સ્વ. આંબલીઆરામાં.

પાટવી કુમારશ્રીનો જન્મોત્સવ.

અહીંના ના. ઠાકોર સાહેબ શ્રી. કેશરિસિંહજીના દરબારમાં શ્રીમતિ લવાડવાળાં ઠકરાણી સાહેબે સંવત્ ૧૯૬૯ ના ભાદરવા વદી ૫ શનીવાર તા. ૨૦-૯-૧૯૧૩ ની રાત્રે પાટવી કુમારશ્રીનો જન્મ આપ્યો છે. આ શુભ પ્રસંગની ક્રિયાઓ તુરતજ થવા માંડી હતી. એજ રાત્રે દરબાર ભરવામાં આવ્યો દુંદુભીના નાદ અને બંદુકોના અવાજ વચ્ચે લોકો દોડાદોડ કરી રહ્યા હતા. સર્વ કોઈના મુખપર આનંદની છાયા પડેલી હોઈ બધા હસતા વદનથી બેઠા હતા રાજ રીત પ્રમાણે કસુંબાપાણી કરી રાજ તરફથી ગોળ આ-કર વહેંચવાની ક્રિયા પ્રથમ થઇ હતી, બાદ રૈયત અને મુત્સદી વર્ગ તરફથી ખુશાલી રૂપે નજરાણાની ક્રિયા થઇ હતી કારીગર લોકો પોતાની કારીગરીના નમૂનાની ભેટ આપી રાજી થતા હતા પ્રસંગને અનુસરી વિદ્વાન બ્રાહ્મણો ઉભા થઇ આશીર્વચનના શ્લોક કહેતા હતા. સ્કુલ માસ્તરે આ માંગલીક પ્રસંગના ઉત્સાહથી આ-નંદયુક્ત ભાષણ કરી કુંવરજીનું દીર્ઘાયુષ ઇચ્છી હુરરે ! હુરરે !! હુરરે !!! ના વિજયી અવાજ કરાવ્યા હતા. વ્યાસજી મહારાજે પ્રસંગને

અનુસરી શ્રી કૃષ્ણ જન્મની કથાનો ભાગ ગાનતાન સાથે ભજવી બતાવ્યો હતો. બાદ દરબાર વિસર્જન થયો.

બીજે દીવસે એટલે તા. ૨૧-૯-૧૭ ની સવારમાં નિશાળના છોકરા તથા છોકરીઓને (ના. ઠાકોર સાહેબના આમંત્રણથી) નિશાળના મકાનમાંથી શણગારી દરેકના હાથમાં ધ્વજા વાવટા આપી વાજતે ગાજતે દરબારગઢમાં લેઈ જવામાં આવ્યા. વચ્ચે શ્રી રામજી મંદિર આગળ બધાને ઉભા રાખી સ્કુલ માસ્તરે શ્રી કુંવરશ્રી સાહેબ માટે ઈશ્વર પ્રાર્થના કરાવી હતી. આ શુભ પ્રસંગે પણ દરબાર ભરી વચ્ચે વિદ્યાર્થીઓની બેઠક થઈ હતી બહારની બાજુએ ઓચ્છવ મંડળીના માણસો ગાનતાનથી ઈશ્વર ભજન ગાતા હતા. એક તરફ વાજીંત્રો વાગી રહ્યાં હતાં, એક તરફ પોલીસની કવાયત થતી હતી. આવી ધામધૂમ વચ્ચે વિદ્યાર્થીઓની આનંદી ક્રિયાઓની શરૂઆત થઈ પ્રથમ ઈશ્વર સ્તુતિ કર્યા બાદ આ આનંદની વધાઈની કવિતા બોલાવવામાં આવી. ત્યાર પછી વિદ્યાર્થીઓએ પોતાનો આનંદ કવિતારૂપે જાહેર કર્યો અને કવિતા સાથે ગુલાલ ઉડાડવાની શુભ ક્રિયા કરી.

સ્કુલ માસ્તરે હાર પહેરાવતી વખતે વિદ્યાર્થીઓએ ના. ઠાકોર સાહેબને કવિતા વડે આશીર્વચનથી પુષ્પો વડે વધાવી લીધા. કન્યાશાળાની બાળાઓએ ગરબા ગાઈ પોતાનો આનંદ બતાવ્યો હતો. બાદ વિદ્યાર્થીઓને ઈનામ મીઠાઈ વહેંચાયા પછી શિક્ષકોને યોગ્ય ઈનામ આપ્યાં હતાં. સ્કુલ માસ્તરે પ્રસંગને અનુસરી કરેલું ભાષણ.

નામદાર ઠાકોર સાહેબ ? અને ગૃહસ્થો ? ?

આજે આપણા નામદાર પાટવી કુમારશ્રીના જન્મોત્સવનો શુભ દિવસ જોવાને પરમેશ્વરે આપણને ભાગ્યશાળી કર્યા છે. ખરેખર

આ વખતે આપણાં હૃદય આનંદના છોળાથી ઉછળાઈ રહ્યાં છે અને એ આનંદનાં મોજાં આપણા સર્વની ભાષા દ્વારે મોં પર મલકાઈ રહ્યાં છે. રૈયત અને રાજા વચ્ચેનો ગાઢ પ્રેમ આ વખતે ખુલ્લો જણાય છે રૈયતની વફાદારી અને રાજ કર્તાની રૈયત પ્રત્યેની પ્રેમોર્મિઓ આવા શુભ પ્રસંગેજ જોવામાં આવે છે આજે આપણુ બધાને વિવાહ કરતાં પણ વધારે આનંદ અવસરનો લાભ મળ્યો છે. રૈયતનો આવો અપૂર્વ પ્રેમ જોઈ મારે કહેવું જોઈએ કે ના૦ ઠાકોર સાહેબને ધન્ય છે કે જેના તાબામાં આવી પ્રેમાળ પ્રજા છે; વળી એ પ્રજાને પણ ધન્યવાદ છે કે જેણે પોતાના રાજકર્તા તરફ વફાદારી બતાવી તેઓશ્રીના આનંદમાં ભાગ લીધો છે. આજને શુભ પ્રસંગે ના૦ ઠાકોર સાહેબે દરબાર ભરી છોકરા, છોકરીઓને ઈનામ અને મીઠાઈ વહેંચી, શિક્ષકોને પણ યોગ્ય ઈનામો આપ્યાં છે. વળી પોતે સાંજે તમામ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને જમાડવાનો હુકમ કર્યો છે તેની સાથે આ શુભ પ્રસંગની યાદગીરી કાયમ રાખવા સારૂં નિશાળમાં એક વાગતું ઘડીઆળ ભેટ આપવાની સખાવત કરી છે. ખરે ! આ બધું પોતે ઊંચી કેળવણી પામેલા છે તેનું પરિણામ છે. પરમેશ્વર આવા વિદ્વાન અને પ્રેમાળુ રાજકર્તાને દીર્ઘાયુષ આપો એવી આપણા બધાની પ્રાર્થના છે, નામદાર કુંવરજી સાહેબને પરમેશ્વર દીર્ઘાયુષ આપી આવા અનેક શુભ પ્રસંગો જોવાની, માણવાની, અને આનંદમાં મહાલવાની આપણને તક આપો ! ! !

નામદાર કુંવરજી સાહેબ ઘણું જીવો ! ! !

જયકારી હુરરે ! ના અવાજ વચ્ચે દરબાર વિસર્જન થયો હતો.

સાંજે વિદ્યાર્થીઓને જમાડવાની સહભોજન અને સુખડી કર્યું.

તથા રૈયતનાં બીજાં માણસોને જમાડવાનું કામ થયું હતું. આ વખતે સ્કૂલ માસ્તર મ્હેતા મોતી કુંવરજી સાહેબ ઘણું રુચે એવાં આશીર્વચન વિદ્યાર્થીઓને બોલાવતા હતા. અને વચ્ચે છોડીઓ ગરબી ગાઈ આનંદ આપતી હતી. જમ્યા પછી રાત્રે રંગ છાંટવાની અને મંડળીઓના ઓચ્છવની ક્રિયા થઈ હતી. આજે તા. ૨૫ મી સુધી આનંદોત્સવ કથા પ્રસંગ અને રંગ છાંટવાની ક્રિયાઓ ચાલુજ છે તા. ૨૩ મી સાંજે રૈયતની અરજ ઉપરથી દરબાર ભરી નામદાર ઠાકોર સાહેબે રૈયતને કેટલાક હક્ક બક્ષિસ આપ્યા છે. ના૦ ઠાકોર સાહેબે કચેરીમાં કરેલા ભાષણનો સાર.

મારા વહાલા પ્રજા જનો !

આપણા દરબારમાં ભવિષ્યના રાજકર્તાનો જન્મ થયો છે. આ પ્રસંગની ખુશાલીમાં તમો બધાએ આજ ચાર દીવસથી ખેતીની મોસમ છતાં તમામ કામ ભુલી જઈ અહોનીશ દરબારગઢમાં મારી પાસે રહી મારા હર્ષમાં અંતઃકરણ પૂર્વક ખરા ઉમંગથી ભાગ લીધો છે, અને તમારી સાચી રાજ ભક્તિનું દિગદર્શન મને કરાવ્યું છે મારા અંતઃકરણમાં તમારી નેકનિષ્ઠાની ઊંડી અસર થઇ છે.

હું ઇચ્છું છું કે મારી પ્રજા હર હંમેશ પોતાના અંતરની શુભેચ્છાઓ મારી પાસે નિખાલસ દીલથી જાહેર કરે તો હું તેમની તે ઇચ્છાઓ રફતે રફતે પાર પાડવા યત્ન કરતો રહીશ.

આ શુભ પ્રસંગનો લાભ લેવા ખેડુત વર્ગે મારી પાસે કેટલીક માંગણીઓ કરી છે, પણ તેમણે વિચારવું જોઇએ કે હંમેશાં રાજના હક્ક તરફ વફાદાર રહી ઇચ્છાઓ ઉત્પન્ન કરવી. હું તમારી કેટલીક માગણીઓ આ વખતે મંજુર કરૂંછું અને પરમેશ્વર પાસે ઇચ્છું છું કે મારી રૈયત સુખી રહે અને સારી રીતે આબાદ થાય.

ખેડૂત વર્ગને નીચેની માગણીઓ બક્ષિસ કરૂં છું.

૧. ખેતીવાડીના ઉપયોગ માટે જે લાકડું જોઇએ તે વગર કીમતે તેઓને વાપરવાની એટલે જંગલમાંથી લેવાની છૂટ આપવામાં આવેછે.

૨. ઠાકરડા લોકો જેઓ આંબલીઆરાની હદમાં નદી કીનારાની જમીનમાં ડાંગર, જવ, તમાકુ, એરંડા, વગેરેનું વાવેતર કરે છે અને તેની વીઘોટી હાલ પંદર વર્ષથી લેવામાં આવે છે તે વીઘોટીનો હક માફ કરૂં છું.

૩. રબારી લોકોની અરજ ઉપરથી તેમની પાસે બકરી લેવાનો જે હક છે તે રદ્દ કરી અમુક કીમત જે તેમને કહેવામાં આવી છે તે લેવામાં આવશે.

છેવટે પાટવી કુંવરજીના જન્મ માટે પરમેશ્વરનો આભાર માનું છું.

ઉપર પ્રમાણે ભાષણ થયા પછી આ ભાષણના શબ્દોનો સ્પષ્ટાર્થ ડૉ. સાહેબે અને સ્કુલ માસ્તરે રૈયતને સમજાવ્યો હતો રૈયતે પોતા તરફથી માનપત્ર આપવાનો ઠરાવ કર્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

આ શુભ પ્રસંગે જે જે કવિતાઓ અને આશીર્વચનો બોલાવવામાં આવ્યાં તે આ સાથે જોડવામાં આવ્યાં છે.

આંબલીઆરા પાટવી કુમારશ્રીનો જન્મોત્સવ.

મંગલાચરણ—(ગિતિ).

જય જય જય જગદિશ્વર ઈશ્વર અનુપમ,
જય જય જગત્રાતા;
વિનતિ કરૂં કર જોડી, હૃદય ધરીને,
જય જય જગત્રાતા;
આપો રાજકુંવરને, દીર્ઘાયુષ વળી,
જય જય સુખ દાતા;
આંબલગઢ પાટવીને, મહેર કરીને,
નીશદિન જગત્રાતા;

જય ? ? ? જય ? ? ? જય ? ? ?

(વિદ્યાર્થીઓનો આશિર્વાદ.)

(ગીતી).

શીર પર શેષ બિરાજે, વળી જાન્હવી,
જટા મહીં દિસે;
તે શંકર સુ કૃપાથી, માન પામશે,
આ દુનિયા વિસે;
ચંદ્ર લલાટે શોભે, અતિ પાર્વતી,
અર્ધાંગે કહાવે;
તે શંકર સુ કૃપાથી, સુખ ભોગવો હમેશ,
શુભ લહાવે;
સર્વ દેવતા પાસે, શીશ નમાવી વિનવે,
શિશુ આજે;
દીર્ઘાયુષ પ્રભુ આપી, મેહેર કરીને,
સદાય આ રાજે;
જય ??? જય ??? જય ???

દરબાર વખતે વિદ્યાર્થીઓ તરફની વધાઇ.

(મંગળ આજે વરતાય છે) એ રાગ.

આજ ઉરે ઉભરાય છે આનંદ અાત;
હર્ષથી બિરાજ્યા, આંબલગઢ ગાદી પતિ. આજ.
કેશરિસિંહ સારા, લાગે અમને પ્યારા;
ભોજ સમા દિસે, દયાળુ ભૂપાત. આજ.
રાયની પાસ જઇને, ખુશી દિલ માંહ્ય થઇને;
વધામણી આપીએ, પ્યાર રાખી અતિ. આજ.
બાળકો હર્ષ રાખી, સુખામૃત સ્વાદ ચાખી;
વિનવે પૂર્ણ ઉમંગે, આજ પૃથ્વી પતિ. આજ.
સુખો સર્વ આપો, શાંતિ નિત્ય રાખી;
દીર્ઘાયુઃ આપો, ભવિષ્યના જે ગાદી પતિ. આજ.
જય ??? જય ??? જય ???

વિદ્યાર્થીઓનો આનંદ !

ગરબી (કંકુ છાંટી કંકોતરી મોકલે) એ રાગ.

આજ આનંદ ઉર અતિ દિસે,
જન્મ્યા શ્રી રાજકુમારઃ કુંવરજી ઘણું જીવો. ૧
ધન્ય ધન્ય ભાદરવા વદી પંચમી,
ધન્ય ધન્ય છે શુભ શનિવારઃ કુંવરજી ઘણું જીવો. ૨
ધન્ય જન્મ દિવસ ધન્ય એમનો,
શુભ આનંદકારી આવાર; કુંવરજી ઘણું જીવો. ૩
શુકલ પક્ષે વધે જેમ ચંદ્રમા,
તેમ વધજો સદા શ્રી કુમારઃ કુંવરજી ઘણું જીવો. ૪
પ્રભુ તાપ ત્રિવિધિના કાપજો,
રાખી કુંવરજી પર રહેમ; કુંવરજી ઘણું જીવો. ૫
ગાદી શોભાવી આંબલગઢ તણી,
નિત્ય નિત્ય રાખો પ્રભુ હહેર; કુંવરજી ઘણું જીવો. ૬
જેમ કમળ ખીલે સુર્યોદય થકી,
તેમ ખીલજો કુંવરજી સદાય; કુંવરજી ઘણું જીવો. ૭
ધન્ય ભાગ્યોદય આંબલગઢ તણો,
પ્રકટયા ચહુઆણ કુલના દીપક; કુંવરજી ઘણું જીવો. ૮
ધન્ય ધન્ય કેશરિસિંહ રાજને,
વાધ્યો આનંદ નંદરાયપેર; કુંવરજી ઘણું જીવો. ૯
ધન્ય ધન્ય રાણીશ્રી બવાડને,
કુખે પ્રકટયા છે રાજના લાલ; કુંવરજી ઘણું જીવો. ૧૦
ધન્ય ધન્ય ભાગ્યોદય એમનો,
રાજમાતાનો પામ્યાં સુ લ્હાવ; કુંવરજી ઘણું જીવો. ૧૧
ધન્ય ધન્ય દરબારી મંડલ સહુ,
વધાવે કુંવરજીની વધાઈ; કુંવરજી ઘણું જીવો. ૧૨

ધન્ય આનંદે આંબલગઢ પ્રજા,
ઈશ્વર અમર રાખો શ્રી કુમાર: કુંવરજી ઘણું જીવો. ૧૩
ધન્ય પક્ષિને ધન્ય આ ભૂમિને,
જેમાં જન્મ્યા ગાદીપતિબાલ: કુંવરજી ઘણું જીવો. ૧૪
અતિ હર્ષ બાળકોના ઉરમાં,
સદા આપો પ્રભુ લીલા લ્હેર: કુંવરજી ઘણું જીવો. ૧૫
પ્રભુ આપો દીર્ઘાયુષ એમને,
એવી અમ બાળકોની આશીશ; કુંવરજી ઘણું જીવો. ૧૬
વારંવાર અમારી એ વિનતિ,
પ્રભુ સ્વિકારજો કરી મેહેર: કુંવરજી ઘણું જીવો. ૧૭

જય ? જય ?? જય ???

વિદ્યાર્થીઓ તરફથી દરબારમાં ગુલાલ ઉડાવવાની શુભ ક્રિયા.

સવૈયા.

હર્ષ રંગ ઉડાવો આજે, પ્રીત થકી પ્રીય મિત્રો સાર;
જન્મ્યા આંબલગઢ ગાદીના, રૈયત કેરા પાલનહાર.
સુખ શાંતિ નિત્ય નિત્ય આપજો, પરમ કૃપાળુ હો પ્યારા;
પ્રથુરાજ પૂર્વજના જેવા પૂર્ણ પ્રતાપી થજો પ્યારા:

જય ??? જય ??? જય ???

નામદાર ઠાકોર સાહેબને સ્કૂલ માસ્તરે હાર પહેરાવ્યો તે વખતે વિદ્યાર્થીઓએ પુષ્પથી વધાવી લીધા.

ગિતિ.

જગદીશ્વરી જય કરજે, જય જય જય જય, સદાય જય કરજે;
આંબલગઢ નૃપતિનો, જય જય જય જય સદાય જય કરજે.

જય ??? જય !?? જય ???

છોડીઓએ બતાવેલો આનંદ.

ગરબો (રાગ. પુનમ ચાંદની).

આવો બેનો સર્વે ગુણ ગાઈએ ભૂપાળના રે;
રૂડું રાજ કરે છે કેશરિસિંહ ભૂપાળ આવો.

સાખી.

કરી કન્યાશાળા રૂડી, બાળાઓને કાજ,
આશીશ દૈએ એટલી, રહો અચળ આ રાજ
આપી દીર્ઘાયુષને, સદા પ્રભુ સુખી રાખજોરે,
જેની પરમારથમાં બુદ્ધિ નિત્ય પવિત્ર. આવો.

સાખી.

એ પરમારથ પુણ્યનો, ઉદય થયો છે આજ;
જન્મ્યા રાણી વાસમાં, ગાદીપતિ સુકુમાર.
એમને દીર્ઘાયુષ પ્રભુ કુશળતા નિત્ય આપજો રે;
એવી બાળાઓની અંતરની આશીશ. આવો.

સાખી.

આનંદ મંગળ આજનો, સુવર્ણ દિન બલિહાર,
બાળાઓને ખુશી કરી, ઈનામ આપ્યાં સાર,
સદ્ગુણવંતા નમીએ, પ્રણામથી આવાર,
કન્યા કેલવણીનું ઉછેરવા સુવૃક્ષ. આવો.

જય ? ? ? જય ? ? ? જય ? ? !

જન્મોત્સવનો સારાંશ.

મને કૃષ્ણ જોયાના કોડ (એ રાગ).

ધન્ય કેશરિસિંહ ભૂપાળ આંબલગઢ રાજા;
આનંદ પ્રસર્યો ચોપાસ વધી છે બહુ લાજ. ધન્ય. ૧
ઉદાર વૃત્તિ નિર્મળ મન છે, ધર્મનીતિની ખાણ;

નેક ન્યાયને પરોપકારી, સદ્ગુણ જેના અમાપ. અ

શુભ ફલ આજે ધર્મ નીતિનું, આપ્યું છે જુગદીશ;
કરી કરૂણા પારણીયું બંધાવ્યું, સુણી રૈયતની આશીશ. અ

કુંવર રત્ન આપ્યું રૂડું, આનંદનો નહિ પાર;
રંગની રેલી મચી રહી છે કીર્તન ધુન અપાર. અ

બહુ ભોજન નિત્ય થાય છે, મિષ્ટાન પાણી સાર;
દુંદુભી ચોઘડીયાં નિત્ય વાગે, હરખ તણો નહિ પાર; અ

બા સાહેબને આનંદ અવધિ, ઉલટ્યો ઉદધિ પૂર;
જગદીશ્વરીએ કરૂણા કરીને કીધી છે લીલા લ્હેર. અ

તરેહ તરેહની ભેટ લાવે, આશા ભરિયા લોક;
નજર નછરાવર આપી આનંદ, લ્હાવો લેછે લોક; આંબલ.
દાસ ગોવંદની વિનતિ એ, પૂરા કરો પ્રભુ કોડ;
રાજકુંવરને દીર્ઘાયુષ આપી, લેહેર કરો રણછોડ. આંબલ.
વારંવાર કરૂં વિનંતિ, માગું છું વર એહ;
એહ આપો હે જગદીશ્વર, હું તો કરૂં રે તમારી સેવ. આંબલ.

છપય છંદ.

સંવત ઓગણીસેં અને, અગનો સીતેર સાલ,
ભાદરવા વદી પંચમી, જન્મ્યા રાજકુમાર;
જન્મોત્સવ શુભ એમનો પ્રીત થકી આધાર,
વાંચ્યો મેં દરબારમાં, આનંદ ઉર અપાર;
મન વાંછીત ફલ આપીને, પૂરા કરો પ્રભુ કોડ,
સુખ સંપતિ દીર્ઘાયુષ, આપો શ્રી રણછોડ.

નામદાર કુંવરજી સાહેબ ઘણું જીવો.

જય ! ! ! જય ! ! ! જય ! ! !

સમાપ્ત.